**<u>પ્રેસનોટ – તા.૦૨/૧૧/૨૦૨૨</u>**

**<u>બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની કુલ બોટલો નંગ – ૧૧૯૫, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સહિત કુલ કિં.રૂ.૭,૬૩,૫૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૂતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

આજરોજ તા.૦૨/૧૧/૨૦૨૨ ના શરૂ રાત્રિના બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, એક સફેદ કલરની બોલેરો પીકઅપ રજી નં.GJ-07-YZ-2595 માં ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી કુકાવાવ થી બગસરા તરફ જાય છે, તેવી ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી.ટીમ નવા વાઘણીયા ગામે વોચમાં રહી, એક ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સાથે ઝડપી લઇ, પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➪ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

(૧) જયરાજભાઇ રાવતભાઇ બસીયા ઉ.વ.૩૫ રહે.સુરગપરા, કૃષ્ણનગર,વડીયા તા.વડીયા, જિ.અમરેલી

➪ **<u>પકડવાના બાકી આરોપીઃ-</u>**

(૨) જયેન્દ્રભાઇ જીલુભાઇ બસીયા રહે.અમરનગર, તા.જેતપુર, જિ.રાજકોટ

(૩) ગૌતમભાઇ મોડા રહે.ચલાલા

➪ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની ૭૫૦ એમ.એલ.ની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ-૧૧૯૫ કિં.રૂ.૩,૫૮,૫૦૦/- તથા મોબાઇલ ફોન નંગ ૧ કિં.રૂ. ૫,૦૦૦/- તથા બોલેરો પીકપ ગાડી રજી.નંબર GJ-07-YZ-2595 કિં.રૂ.૪,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૭,૬૩,૫૦૦/- નો મુદ્દામાલ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

<u>**પ્રેસનોટ – તા.૦૨/૧૧/૨૦૨૨**</u>

<u>**ધારી  પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને જુનાગઢ જિલ્લાના ભેંસાણથી પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા રફતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે ધારી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૮૨૨૦૨૯૭/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટ કલમ ૧૮ મુજબના કામે છ મહિના પહેલા ધારીમાંથી ૧૭ વર્ષની સગીરાનું અપહરણ કરી, નાસી જનાર આરોપીને ભોગ બનનાર સગીરા સાથે આજરોજ તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ જુનાગઢ જિલ્લાના ભેંસાણથી પકડી પાડી, પકડાયેલ આરોપી તથા ભોગ બનનારને આગળની કાર્યવાહી થવા સારૂ ધારી  પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

ભાવેશ ભીખાભાઇ સનુરા, ઉ.વ.૨૩, રહે.વેકરીયા, નિશાળની સામે, તા.ધારી, જિ.અમરેલી

પકડાયેલ આરોપી ધારીમાં હીરાના કારખાનામાં હીરા ઘસવાની મજુરી કામે આવતો હોય, અને આ હીરાના કારખાનામાં ફરિયાદીની સગીર વયની દિકરી પણ કામે આવતી હોય, ફરીયાદીની સગીર વયની દિકરીને લલચાવી ફોસલાવી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઇ ગયેલ હતો.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. તથા પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – તા.૦૩/૧૧/૨૦૨૨

## બાબરા સીમ વિસ્તારમાં વાડીમાં ચાલતા જુગાર ધામ પર દરોડો પાડી ૮ ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન, વાહનો તથા જુગારના સાહિત્ય સહિત કુલ કિં.રૂ.૧,૧૦,૪૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે મુકેશભાઇ ધીરૂભાઇ આસલીયા તથા ભુપતભાઇ જેઠસુરભાઇ બસીયા રહે. બન્ને બાબરા વાળાઓ બાબરા, પટેલ સંકુલ પાછળ આવેલ સીમ વિસ્તારમાં મુકેશભાઇ ધીરૂભાઇ જાસલીયાની વાડીમાં આવેલ ઝુપડીમાં જુગારનો અડ્ડો ચલાવી, પોતાના આર્થિક ફાયદા માટે બહારથી માણસો બોલાવી, ગંજીપત્તાના પાના વડે તીન – પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે, તેવી ચૌકકસ બાતમી આધારે ગઇ કાલ તા.૦૨/૧૧/૨૦૨૨ નાં રોજ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા જુગાર ધામ પકડી પાડી, કુલ – ૮ ઇસમોને રોકડ રકમ, વાહન, મોબાઇલ ફોન અને જુગારના સાહિત્ય સાથે ઝપડી લઇ, તમામ સામે જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીઃ-**

(૧) મુકેશભાઇ ધીરૂભાઇ જાસલીયા, ઉ.વ.૪૨, રહે.બાબરા, વેલનાથ, તા.બાબરા, જિ.અમરેલી.

(૨) શૈલેષભાઇ નાજાભાઇ આહલગામા, ઉ.વ.૩૪, રહે.ખંભાળા, તા.બાબરા, જિ.અમરેલી.

(૩) મનજીભાઇ મોહનભાઇ વાટુકીયા, ઉ.વ.૩૫, રહે. ખંભાળા, તા.બાબરા, જિ.અમરેલી.

(૪) ભરતભાઇ બચુભાઇ રાઠોડ, ઉ.વ.૫૨, રહે.બાબરા, પોલીસ સ્ટેશન પાછળ, તા.બાબરા, જિ.અમરેલી.

(૫) અરજણભાઇ જગાભાઇ પરમાર, ઉ.વ.૪૫, રહે. લુણકી,વાંડળીયા રોડ, તા.બાબરા, જિ.અમરેલી.

(૬) મગનભાઇ બચુભાઇ રાવોલીયા, ઉ.વ.૪૨, રહે.ખંભાળા, રામજી મંદિરની બાજુમાં, તા.બાબરા, જિ.અમરેલી

(૭) અતુલભાઇ કેશુભાઇ સાકરીયા, ઉ.વ.૪૯, રહે.ખંભાળા, તા.બાબરા, જિ.અમરેલી.

(૮) મીઠાભાઇ ધુડાભાઇ મેર, ઉ.વ.૩૪, રહે.ખંભાળા, તા.બાબરા, જિ.અમરેલી.

➡ **પકડવાના બાકી આરોપીઃ-**

(૯) ભુપતભાઇ જેઠસુરભાઇ બસીયા રહે.બાબરા.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૧૫,૪૫૦/- તથા મોબાઇલ ફોન નંગ-૭ કિં.રૂ.૩૫,૦૦૦/-તથા મોટર સાયકલ - ૩ કિં.રૂ.૬૦,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી કુલ **કિં.રૂ.૧,૧૦,૪૫૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## **<u>પ્રેસનોટ – તા.૦૪/૧૧/૨૦૨૨</u>**

## **<u>ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની બોટલો, રોકડ રકમ, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સહિત કુલ કિં.રૂ.૩,૮૦,૭૮૦/- ના મુદ્દામાલ સાથે બે ઇસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૂતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

આજરોજ તા.૦૪/૧૧/૨૦૨૨ ના શરૂ ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, એક સીલ્વર કલરની ફોર વ્હીલ કાર રજી નં.GJ-05-JB-2828 માં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી ડુંગરપરડા જીંજકા રોડ તરફથી આવે છે, તેવી ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી.ટીમ ડુંગર માંડળ ગામ જવાના રસ્તે રેલ્વે ફાટક પાસે વોચમાં રહી, બે ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો, રોકડ રકમ, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સાથે ઝડપી લઇ પકડાયેલ ઇસમો તથા મુદ્દામાલ ડુંગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

(૧) મુકેશ જેરામભાઇ જાદવ, ઉ.વ.૩૪, રહે.સુરત, વેલંજા ૨૭ રાજકમલ રેસીડેન્સી, આનંદ વાટીકાની પાસે મુળ રહે.જાંખીયા, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ.

(૨) આકાશ મનમોહનભાઇ નાયક, ઉ.વ.૨૮, રહે.સુરત, કેનાલ રોડ, પ્લોટ નં.૧, પર્વત પાટીયા, મુળ રહે.રમકી તળાવ, તા.નિઝર, જિ. તાપી.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની ૭૫૦ M.L.ની કુલ બોટલ નંગ-૨૪ કિં.રૂ.૧૭,૨૮૦/- તથા મોબાઇલ ફોન નંગ ૩ કિં.રૂ. ૨૩,૫૦૦/- તથા સ્કોડા કંપનીની ફોર વ્હીલ કાર રજી.નંબર GJ-05-JB-2828 કિં.રૂ.૩,૦૦,૦૦૦/- તથા રોકડ રકમ રૂ.૪૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૩,૮૦,૭૮૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – તા.૦૪/૧૧/૨૦૨૨

## પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. ૩૪/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટ કલમ ૧૮ મુજબના કામે ત્રણ વર્ષ પહેલા રાજુલા તાલુકાના ખેરા ગામેથી ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી, નાસી જનાર આરોપીને આજરોજ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ જાફરાબાદ તાલુકાના બલાણા ગામેથી પકડી પાડી, પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી થવા સારૂ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપવા તજવીજ કરેલ છે.

➩ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

અજય બીજલભાઇ ચૌહાણ, ઉ.વ.૨૦, રહે.ચાંચ, ખેતલીયાદાદાના મંદિર પાસે, તા.રાજુલા, જિ.અમરેલી.

પકડાયેલ આરોપી ફરીયાદીની સગીર વયની દિકરીને રાજુલા તાલુકાના ખેરા ગામેથી લલચાવી ફોસલાવી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઇ ગયેલ હતો.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસનોટ – તા.૦૫/૧૧/૨૦૨૨</u>**

**<u>અમરેલીના મોટા લીલીયાના ચકચારી ઋષિકેષ અપહરણ વીથ મર્ડર કેસમાં અમરેલી જેલમાંથી વચગાળાના જામીન પરથી છ વર્ષથી નાસતા ફરતા કેદીને રાજસ્થાનના ઉદયપુરથી પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ.</u>**

ગઇ તારીખ ૦૧/૧૦/૨૦૧૩ ના રોજ અમરેલી જિલ્લાના મોટા લીલીયા ગામના કિકાણી પ્લોટમાં રહેતા શિક્ષક ગીરીશકુમાર મણિશંકર ત્રિવેદીનો પુત્ર રૂષિકેશ, ઉવ.૧૭ નાને કોઇ અજાણ્યા શખ્સો લીલીયા ટાઉનમાંથી અપહરણ કરી લઇ ગયેલ અને તેને છોડાવા ઋષિકેષના પિતા પાસે રૂ.૩૫ લાખની માંગણી કરેલ હતી. સદરહું બનાવની ગંભીરતાને ધ્યાને લઇ તત્કાલીન એલ.સી.બી. ટીમ દ્વારા ઋષિકેષના મિત્રો અને શકદારો એવા રવિ ઉર્ફે રવિન્દ્ર ધનશ્યાષમભાઇ ભટ્ટ, રહે.લીલીયા તથા વિજય શામજીભાઇ ધામત, રહે.સુરત વાળાઓ ને ટેકલ કરતાં જાણવા મળેલ કે રવિન્દ્રને નાણા ભીડ રહેતી હોય જેથી તેણે પોતાના ઓળખીતાને જ કિડનેપ કરી નાણા પડાવવાનો પ્લાન કર્યો હતો. બનાવના દિવસે રવિન્દ્ર અને વિજયએ તેમની એપોલો કારમાં લીલીયા મુકામે ગૌશાળા નજીકથી ઋષિકેષનું અપહરણ કરેલ ઋષિકેષને મુક્ત કરવાના બદલામાં રૂ.૩૫ લાખની માંગણી કરેલી. બાદમાં આ વાત જાહેર થઇ જતાં રોહીશાળા ગામ પાસેથી ગઢડા તરફના રસ્તે બે ગામ ગયા પછી એક દરગાહ પાસે એક તળાવ આવેલ હોય તે તળાવ પાસે ઋષિકેષને બાવળની ઝાડીમાં લઇ જઇ ઋષિકેષને વિજયે પકડી રાખેલ અને રવિન્દ્રએ પોતાની પાસેની છરીના ચાર પાંચ ઘા છાતીમા તથા વાસાના ભાગે મારી ઋષિકેષની હત્યા કરેલ હોવાનું જાણવા મળતાં આ અંગે **<u>લીલીયા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૧૪/૨૦૧૩, આઇ.પી.સી. કલમ ૩૬૪(ક), ૩૦૨, ૧૨૦(બી)</u>** મુજબનો ગુન્હો રજી. થયેલ હતો.

જે ગુન્હાના કામે આરોપીઓ (૧) રવિન્દ્ર ઉર્ફે રવિ ધનશ્યામભાઇ ભટ્ટ (૨) વિજય શામજીભાઇ ધામત (૩) જગદીશ શામજીભાઇ ધામત અને (૪) કિશન ઉર્ફે કાનો સુરેશભાઇ દવે એમ કુલ ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ હતી. આ ચારેય આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ હતું. અને આ ચારેય આરોપીઓ કાચા કામના કેદી તરીકે અમરેલી જિલ્લા જેલમાં હતાં. આ કામે અમરેલી સેશન્સ કોર્ટ ખાતે કેસ ચાલુ હોય, તે દરમ્યાન આરોપીઓ વિરૂધ્ધ સજ્જડ પુરાવાઓ હોય અને આરોપીઓને સજા પડે તેમ હોય, જેથી ઉપરોક્ત પૈકીના આરોપી રવિન્દ્ર ઉર્ફે રવિ ધનશ્યામભાઇ ભટ્ટને નામ.ગુજરાત હાઇકોર્ટમાંથી દિન-૮ વચગાળાની જામીન રજા મળતાં તે રજા ઉપર જેલમાંથી મુક્ત થયા બાદ તા.૧૮/૦૬/૧૬ ના રોજ અમરેલી જેલમાં હાજર થવાનું હતુ પરંતુ તે જેલમાં હાજર થયેલ નહીં અને ફરાર થઇ ગયેલ. આમ, પકડાયેલ આરોપી છેલ્લાં છ વર્ષથી નાસતો ફરતો હતો.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા વચગાળાની જામીન રજા પરથી છ વર્ષથી વચગાળાની રજા પરથી નાસતા ફરતા કાચા કામના કેદીને ગઇ કાલ તા.૦૪/૧૧/૨૦૨૨ ના **રાજસ્થાનના ઉદયપુર**થી ઝડપી લઇ અમરેલી જિલ્લા જેલ હવાલે મોકલી આપેલ છે.

⇨ પકડાયેલ કેદીઃ-

**રવિન્દ્ર ઉર્ફે રવિ ઘનશ્યામભાઇ ભટ્ટ, ઉ.વ.૩૫, રહે.મુળ લીલીયા, રામકૃષ્ણ સોસાયટી, શેરી નં.૧, તા.લીલીયા, જિ.અમરેલી હાલ રહે.સાઉથ સુંદરવાસ, શ્યામવટી, ઉદયપુર (રાજસ્થાન)**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.